૩૦/૧૦,૪૯૫ બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા

# સત્સંગ શિક્ષણ પરીક્ષા (પૂર્વ કસોટી - ૧૬ જૂન, ૨૦૧૩)

(સમય : સવારે ૯ : ૦૦ થી ૧૨ : ૦૦) **સત્સંગ પ્રારંભ**

**નોંધ : પ્રશ્ન પછી આપેલા અંકો તે પ્રશ્નના જવાબના પાના નંબર દર્શાવે છે.** (કુલ ગુણ : ૧૦૦)

## વિભાગ - ૧ : ઘનશ્યામ ચરિત્ર - ચોવીસમી આવૃત્તિ, એપ્રિલ - ૨૦૧૦

**પ્ર.૧ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો.** [૯]

૧. ''તમને શું કહ્યું હતું ?'' (૨૨) ૨. ''તો હું મરી જાત.'' (૪૬) ૩. ''એકેય બ્રાહ્મણને નીચે ઊતરવા દેશો નહિ.'' (૨૬-૨૭)

**પ્ર.૨ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો.** [૪]

૧. પડોશીઓનાં ઘરમાં જઈ ઘનશ્યામ બાળમિત્રો સાથે શાની ઉજાણી કરતા ? (૫૩)
૨. કાશીમાં ઘનશ્યામે કયા મતનું સુંદર પ્રતિપાદન કર્યું ? (૭૮)
૩. ચારેકોર જળબંબાકાર થવાથી કોને કોને ચિંતા થવા લાગી ? (૬૮)
૪. નારાયણ સરોવરની કઈ દિશાએ શાની વાડી આવેલી છે ? (૧૬)

**પ્ર.૩ નીચે આપેલાં ખોટાં વાક્યોને મથાળાના સંદર્ભમાં સાચાં લખો.** [૪]

**નોંધ : સંપૂર્ણ સાચું વાક્ય લખ્યું હશે તો જ ગુણ પ્રાપ્ત થશે. અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

ઉદાહરણ :- **વાંદરાઓને મેથીપાક ચખાડ્યો :** છપૈયામાં ઘનશ્યામ ઓરડામાં જમતા હતા ત્યારે વાંદરો રોટલી ખૂંચવી ડાળે જઈને બેઠો.

જવાબ :- **વાંદરાઓને મેથીપાક ચખાડ્યો : અયોધ્યામાં** ઘનશ્યામ **ઓશરીમાં** જમતા હતા ત્યારે વાંદરો **પૂરી** ખૂંચવી ડાળે જઈને બેઠો.

૧. **ભક્તિમાતા અને ધર્મપિતાનો દેહોત્સર્ગ :** ભક્તિમાતાએ ઇચ્છારામભાઈને કહ્યું, ''ઘનશ્યામ તો ભગવાન છે. વળી, ઉદાસી મનવાળા છે. માટે તેમને હંમેશાં લાડથી રાખજો.'' (૭૯)
૨. **ટાઢે પાણીએ બળિયા ગયા :** ઘનશ્યામે કહ્યું, ''આપણે બ્રાહ્મણ છીએ, માટે રોજ પૂજા કરવી જ જોઈએ.'' (૧૯)
૩. **રામચંદ્રરૂપે દર્શન :** મંછા નામના માછીમારે નારાયણ સરોવરમાં ઘનશ્યામને શોધવા ખૂબ તપાસ કરી. (૬૦)
૪. **ભાભીનો વિલાપ :** ધર્મદેવ પણ દિલગીર થઈ ગયા. તેમને પણ ચિંતા થવા લાગી. છપૈયામાં જે જે આશ્રમમાં ઇચ્છારામ દર્શને જતા હતા તે બધાં જ આશ્રમમાં તપાસ કરી આવ્યા, પણ ઇચ્છારામ મળે જ નહિ. (૮૩)

**પ્ર.૪ નીચે આપેલા પ્રસંગોમાંથી કોઈ પણ એક પ્રસંગના ફક્ત મુખ્ય પાંચ મુદ્દા (વાક્યના સ્વરૂપમાં) લખો. (વર્ણન કરવાનું નથી)** [૫]

૧. ખીચડીને બદલે દૂધપાક (૧૩-૧૫) ૨. સોળ ચિહ્નો (૪૦-૪૩) ૩. હનુમાનજીની સેવા (૩-૪)

**પ્ર.૫ આપેલા વિકલ્પોમાંથી ફક્ત સાચા વિકલ્પોની આગળ આપેલા ચોરસ ખાનામાં ખરાની (✔) નિશાની કરો.** [૮]

**નોંધ : એક કે એકથી વધારે વિકલ્પ સાચા હોઈ શકે. તમામ સાચા વિકલ્પ આગળ જ ખરાની નિશાની કરી હશે તો જ પૂર્ણ ગુણ મળશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. વાંદરાને સમાધિ (૨૩)
(૧) ☐ અયોધ્યામાં અસુરોના ત્રાસ વધી જતાં ધર્મદેવે છપૈયા જવા વિચાર કર્યો. (૨) ☐ બરહટ્ટા શેરીમાં વસવાટ કર્યો.
(૩) ☐ વાંદરાએ થાળીમાંથી કેરી ઉપાડી લીધી. (૪) ☐ ત્રણ દિવસ સુધી વાંદરો સમાધિમાં રહ્યો.

૨. બાળપ્રભુનું પરાક્રમ (૩)
(૧) ☐ કાલિદત્તે બાળપ્રભુને મારી નાંખવા કૃત્યાઓને હુકમ કર્યો. (૨) ☐ કૃત્યાઓ બાળપ્રભુને ઉપાડી આંબાના વનમાં દોડવા લાગી.
(૩) ☐ હનુમાનજીએ સુવાસિની ભાભીને બાળપ્રભુ પાછા આપ્યા. (૪) ☐ કૌશિકે કોટરાને બાળપ્રભુને મારી નાંખવા મોકલી.

૩. કંદોઈને પરચો (૩૫)
(૧) ☐ ઘનશ્યામે ભક્તિમાતાને કહ્યું, ''ભૂખ બહુ લાગી છે. જલદી ખાવાનું આપો.'' (૨) ☐ ઘનશ્યામે પેંડા ખાવાની હઠ પકડી.
(૩) ☐ રામપ્રતાપભાઈએ ઘનશ્યામના ગાલ પર તમાચો માર્યો. (૪) ☐ ઘનશ્યામ બધી મીઠાઈ જમી ગયા.

૪. નવી બત્રીસી (૪૭)
(૧) ☐ ઘનશ્યામે સુવાસિની ભાભીને કહ્યું, ''મારી દાઢ બહુ દુઃખે છે.'' (૨) ☐ સુવાસિની ભાભીએ ઘનશ્યામને શીરો પીરસ્યો.
(૩) ☐ ભાભીએ ઘનશ્યામની મુઠ્ઠી ખોલાવી તો હાથમાં દાંતને બદલે મોતી હતાં.
(૪) ☐ માનસરોવરના રાજહંસો ઘનશ્યામના હાથમાંથી મોતી લઈ ઊડી ગયા.

**પ્ર.૬ નીચે આપેલાં વાક્યોનાં કારણો જણાવો. (બે થી ત્રણ લીટીમાં જ)** [૬]

૧. ઘનશ્યામને ગોતવા નીકળેલા રામપ્રતાપભાઈને આશ્ચર્ય થયું. (૩૦) ૨. લક્ષ્મીજી રાજી થઈ ગયાં. (૧૦-૧૧)
૩. ઘનશ્યામે આંબલીની ડાળ સુધી હાથ લાંબો કર્યો. (૨૪)

## વિભાગ - ૨ : યોગીજી મહારાજ - અઢારમી આવૃત્તિ, એપ્રિલ - ૨૦૧૧

**પ્ર.૭ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો.** [૯]

૧. ''શાસ્ત્રીજી મહારાજને દૂધ પાયું ?'' (૩૪) ૨. ''અમારા હેડમાસ્તરે વગર વાંકે ચંદુને મૂઢ માર માર્યો છે.'' (૪)
૩. ''તમારે બે વાત સમજવી.'' (૧૩)

**(પાછળ જુઓ)**

---

સત્સંગ શિક્ષણ પરીક્ષા કાર્યાલય - અમદાવાદ દ્વારા કરવામાં આવેલ પૂર્વ કસોટીના આ આયોજનમાં મેં જાતે વર્ગમાં (બેઠકખંડમાં) હાજરી આપીને **''સત્સંગ પ્રારંભ''** પરીક્ષા આપી છે અને નીચેની વિગતો મેં સાચી ભરેલી છે તે આપ જાણશો.

પરીક્ષાર્થીની જન્મ તારીખ :- તારીખ ☐☐ મહિનો ☐☐ વર્ષ ☐☐☐☐

પરીક્ષા આપી તે તારીખ અને સમય :-

પરીક્ષાર્થીની સહી :-

**નોંધ :- ફક્ત વર્ગમાં હાજર રહેલા પરીક્ષાર્થીઓએ જ ભૂલ્યા વગર આ હાજરીસ્લીપ કાપીને, તેમાં માગ્યા મુજબની વિગતો ભરીને, તેમના કેન્દ્ર વ્યવસ્થાપકને પરત આપવાની છે. ફક્ત હાજર પરીક્ષાર્થીઓની જ સ્લીપો ભેગી કરીને, પૂર્વ કસોટીના અહેવાલમાં ભરીને, સત્સંગ શિક્ષણ પરીક્ષા કાર્યાલય - અમદાવાદ ખાતે પરત જમા કરાવવાની છે. (અધૂરી વિગત ભરેલી હાજરીસ્લીપ માન્ય નહીં ગણાય)**

**પ્ર.૮ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો.** [૪]

૧. ગાયો ચરતી ત્યારે ઝીણાભગત શું કરતા ? (૧૧) ૨. કેટલાક ઠોઠ નિશાળિયા ઝીણાભાઈને શું કહેતા ? (૫)

૩. યોગીજી મહારાજ પાસે કોની મૂર્તિ હતી ? (૨૯)

૪. ત્રીજી વખતના પરદેશ પ્રવાસમાં યોગીજી મહારાજે હરિભક્તોને કેટલા મહિના સત્સંગનું સુખ આપ્યું ? (૪૫)

**પ્ર.૯ નીચે આપેલ વિષય માટે સૂચના મુજબ છ સાચા ક્રમ નંબર તથા તે સાચા ક્રમ નંબરને ઘટનાક્રમ પ્રમાણે ગોઠવો.** [૬]

**વિષય : અક્ષરમંદિરના મહંત (૩૨)**

**૧.** અક્ષરમંદિરની પ્રતિષ્ઠા : વૈશાખ સુદ દશમ. **૨.** યોગીજી મહારાજની મદદમાં હકાબાપુ રહેતા. **૩.** યોગીજી મહારાજ સવારે સાડા ત્રણ વાગે ઊઠીને અક્ષરદેરીમાં કચરો વાળે. **૪.** અક્ષરમંદિરની પ્રતિષ્ઠા વૈશાખ વદ ૧૦. **૫.** યોગીજી મહારાજ એકલા બેઠાં બેઠાં રસોઈ કરતા હતા. **૬.** યોગીજી મહારાજને ગોંડલ અક્ષરમંદિરના મહંત બનાવ્યા. **૭.** ''સાધુ વધે, સત્સંગ વધે'' તે માટે ધૂન કરે. **૮.** કોઠારી સાધુ માંદા હતા તેથી યોગીજી મહારાજ રસોઈ બનાવતા હતા. **૯.** યોગીજી મહારાજે કોઠારી સાધુને ઠપકો આપ્યો. **૧૦.** ''મહારાજની દયાથી આજે આ સેવાનો લાભ મને મળી ગયો.'' **૧૧.** નામાના ચોપડા હકાબાપુ પાસે લખાવે. **૧૨.** યોગીજી મહારાજ રસોડામાં બેઠાં બેઠાં રસોઈયાને કથા-વાર્તા કરતા હતા.

**(૧) ફક્ત સાચા નંબરો** ☐ ☐ ☐ ☐ ☐ ☐

**(૨) યથાર્થ ઘટનાક્રમ** ☐ ☐ ☐ ☐ ☐ ☐

**સૂચના : (૧) ફક્ત સાચા નંબરોમાં તમામ છ નંબરો સાચા હશે તો જ ૩ ગુણ મળશે. (૨) યથાર્થ ઘટનાક્રમ પણ સંપૂર્ણ સાચો હશે તો જ ૩ ગુણ મળશે. અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

**પ્ર.૧૦** માન-અપમાનમાં એકતા (૨૧-૨૨) - **પ્રસંગ ઉપર પંદર લીટીમાં ટૂંકનોંધ લખો. (વર્ણનાત્મક)** [૫]

**પ્ર.૧૧ નીચે આપેલાં વાક્યોનાં કારણો જણાવો. (બે થી ત્રણ લીટીમાં જ)** [૬]

૧. યોગીજી મહારાજે જૂનાગઢનું મંદિર છોડી દીધું. (૧૯) ૨. સત્સંગસભા તો ચૂકવી જ નહિ. (૩૬)

૩. સદ્‌ગુરુ કૃષ્ણચરણદાસે ઝીણાભાઈના મનની વાત કરી. (૯-૧૦)

**વિભાગ - ૩ : કિશોર સત્સંગ પ્રારંભ - અઢારમી આવૃત્તિ, જાન્યુઆરી - ૨૦૧૨**

**પ્ર.૧૨ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો.** [૪]

૧. અજામિલને તેડવા આવેલા યમદૂતો શાથી ચાલ્યા ગયા ? (૨) ૨. દુનિયામાં દેખાતી તમામ વસ્તુના માલિક કોણ છે? (૨૧)

૩. વજીબા કેવા ભક્ત હતાં ? (૪૭) ૪. પૂજા કરતી વખતે કઈ દિશા સામું બેસવું જોઈએ ? (૮)

**પ્ર.૧૩ આપેલા વિકલ્પોમાંથી ફક્ત સાચા વિકલ્પોની આગળ આપેલા ચોરસ ખાનામાં ખરાની (✔) નિશાની કરો.** [૮]

**નોંધ : એક કે એકથી વધારે વિકલ્પ સાચા હોઈ શકે. તમામ સાચા વિકલ્પ આગળ જ ખરાની નિશાની કરી હશે તો જ પૂર્ણ ગુણ મળશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. ધૂન (૨)

(૧) ☐ રામાયણ લખનાર : વાલ્મીકિ ઋષિ (૨) ☐ અજામિલના પુત્રનું નામ નારાયણ

(૩) ☐ જોબનપગીનું પરિવર્તન કરનાર શ્રીજીમહારાજ હતા. (૪) ☐ ભગવાન અને ગુરુને સંભારીને ભજન કરવું એનું નામ ધૂન.

૨. ગંગામા (૧૧)

(૧) ☐ અમદાવાદ પાસે જેતપુર ગામનાં (૨) ☐ રામાનંદ સ્વામીનાં શિષ્ય

(૩) ☐ શ્રીજીમહારાજને 'ભત્રીજા, દીકરા' કહીને બોલાવતાં. (૪) ☐ માથા પર સળગતી સગડી ને કઢી-ખીચડી ચડતાં હોય.

૩. પૂંજો ડોડિયો (૪૧)

(૧) ☐ પાણવી ગામના રજપૂત ભક્ત (૨) ☐ બદરીનાથ જઈ દેહ પાડવાનો પ્રયત્ન કર્યો.

(૩) ☐ શ્રીજીમહારાજના સ્વધામગમનના બારમાના દિવસે ધામમાં (૪) ☐ કૃપાનંદ સ્વામી અને ગુણાતીતાનંદ સ્વામી થકી સત્સંગ.

૪. બાળમંડળમાં વર્તણૂક (૪૫)

(૧) ☐ શરીરને તંદુરસ્ત રાખવા જમીએ છીએ. (૨) ☐ બાળમંડળમાં જવાથી આપણી કુટેવો સુધરે.

(૩) ☐ ભગવાનનો પ્રસાદ એ બહુ પવિત્ર વસ્તુ છે. (૪) ☐ સૌને 'જય સ્વામિનારાયણ' કહી પછી જ ઘરે જવું.

**પ્ર.૧૪ નીચે આપેલાં વિધાનોમાં ખાલી જગ્યા પૂરો.** [૪]

૧. ......... ને દાતણ આપનાર બીબી ......... ગામની હતી. (૨૫) ૨. ગુણાતીતાનંદ સ્વામીએ સંવત ........ માં ........ ગામમાં દેહત્યાગ કર્યો. (૩૦)

૩. વાલ્મિકી ............ નામથી સુધરી ગયા. (૨) ૪. ............ માં મંદિર બનાવી .......... પોતાની મૂર્તિ પધરાવી. (૭)

**પ્ર.૧૫ નીચે આપેલાં કીર્તન / અષ્ટક / શ્લોકની ખૂટતી કડીઓ પૂરી કરો.** [૮]

૧. અમે સૌ સ્વામીનાં ....... છીએ મરવા. (શૌર્યગીત) ૨. સદ્‌બુદ્ધિ ....... સદ્ય વિદારી. (૪)

૩. આગચ્છ ! ભગવન્ ....... સન્મુખો ભવ ॥ (૯) ૪. નારાયણ સુખદાતા ....... ગયા કાશી. (૧૭)

**પ્ર.૧૬** 'કરોડ કામ બગાડીને......' (૩૩) - **'સ્વામીની વાત' પૂરી કરી તેનું નિરૂપણ કરો. (પંદરેક લીટીમાં)** [૫]

**પ્ર.૧૭** 'નાથ ભક્ત' (૪૪-૪૫) - **પ્રસંગના ફક્ત મુખ્ય પાંચ મુદ્દા (વાક્યના સ્વરૂપમાં) લખો. (સળંગ વર્ણન કરવાનું નથી)** [૫]

---

**નોંધ :- આ પ્રશ્નપત્રમાંથી થોડા-ઘણા પ્રમાણમાં પ્રશ્નો તા. ૭ જુલાઈ, ૨૦૧૩ના રોજ લેવાનાર મુખ્ય પરીક્ષામાં પુછાશે. અભ્યાસક્રમના પુસ્તકની છેલ્લી આવૃત્તિનો જ ઉપયોગ કરવો. મુખ્ય પરીક્ષામાં જવાબવહીમાં વધારાના પાના જોડીને તેમાં લખેલા ઉત્તર માન્ય ગણાશે નહિ.**

☞ અગત્યની જાહેરાત **તમામ પરીક્ષાર્થીઓ આપણી સંસ્થાની નીચે દર્શાવેલી website - link પરથી જૂનાં વર્ષોનાં પ્રશ્નપત્રો તથા તેના ઉકેલપત્રો નિઃશુલ્ક ડાઉનલોડ કરી શકશે તથા તેની પ્રિન્ટ પણ કાઢી શકશે.**

**http://www.swaminarayan.org/satsangexams/pastpapers/index.htm**